ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

અક્ષય તૃતીયા પર્વનું જૈન ધર્મમાં વિશેષ મહત્વ છે. જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનને છ મહિનાના ઉપવાસ પછી આજના દિવસે હસ્તીનાપુરના શ્રેયાંશ નામના રાજા એ શેરડીના રસનો આહાર આપ્યો હતો. વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારીના નિવારણ માટે આજે અક્ષય તૃતીયાના દિવસે ગાંધીનગર દિગંબર જૈન સમાજના ૪૮ પરિવાર દ્વારા ઘરેથી ભક્તિ પૂર્વક ૨૪ કલાકના ભક્તામર સ્તોત્રના પાઠ કરવામાં આવ્યા હતા.

સિવિલમાં હડતાલને પગલે આરોગ્ય સેવા ખોરવાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી હડતાલને પગલે નિર્દોષ દર્દીઓ સારવાર વિના રઝળી પડ્યા હતા. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં ૩૫૦ જેટલો નર્સિંગ સ્ટાફ છે. તે ઉપરાંત જીએમઈઆરએસના તબિબિ શિક્ષકો ૧૦૦ જેટલા છે. ત્યારે એક સાથે આટલી મોટી સંખ્યામાં તમામ સ્ટાફ હડલાત પર ઉતરી જતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા ત્રણ ત્રણ દિવસથી દર્દીઓ ડોકટર અને નર્સના અભાવ વચ્ચે ખાટલા પર દવા કે ઈન્જેકશનની સારવાર વિના કલાકો પસાર કર્યા છે.ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૩૦૦ થી વધુ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે બિલ્ડીંગમાં માત્ર ગણતરીનો સ્ટાફ કાર્યરત રહેતા દર્દીના સગાઓમાં પણ રોષ જોવા મળ્યો હતો. હોસ્પિટલમાં ડોકટર્સ તેમજ નર્સની અછત વચ્ચે કામ કરવાનું હોવાથી અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ત્રણ વોર્ડ વચ્ચે એક ઈન્ચાર નર્સ કે ડોકટર દર્દીઓને સારવાર આપી રહ્યા હતા. સિવિલમાં હોબાળો ના થાય તે માટે પણ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવાયા હતા. એસઆર,જેઆર, સહિતના ડોકટર્સને ડ્યુટી સોપવામાં આવી હતી. તો બીજીતરફ સરકારી નર્સોના ફરજના કલાકો વધારી દેવામાં આવતા તેમના પણ કામનુ ભારણ વધી ગયું હતું. હોસ્પિટલમાં એડમીટ આરોગ્યલક્ષી સારવાર ના અભાવે દર્દીઓની હાલત કફોડી બની હતી.જયારે કેટલાક દર્દીઓ ડોકટર કે નર્સ વિનાની હોસ્પિટલમાંથી રજા લઈને ઘરે ચાલ્યા ગયા હતા. જયારે કોવીડ, તાત્કાલીક વિભાગમાં સ્ટાફના ના હોવાથી દર્દીઓની હાલત દયનીય બની ગઈ હતી. જયારે સિવિલમાં કાર્યરત રસીકરણ વિભાગ પણ સ્ટાફના અભાવે બંધ કરી દેવાયો હતો. જયારે સિવિલમાં આરોગ્યલક્ષી યોગ્ય સારવાર ના મળતા દર્દીઓ તેમજ સગાઓ રોષ ભભુકી ઉઠ્યો હતો.

સે-૧૪માં આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૪

કોરોના મહામારીમાં સુરક્ષિત રહેવા રોગ પ્રતિકારક શક્તિ ખૂબ મહત્વની છે. શહેરીજનોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે હેતુથી પૂ. પ્રાગદાસ બાપુની રામવાડી અન્નક્ષેત્ર તથા ગાંધીનગરની વેસ્ટર્ન એગ્રો સીડ્સ કંપનીના એન.પી. પટેલ દ્વારા વિવિધ સ્થળે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે જે અંતર્ગત સેક્ટર-૧૪ માં જાગૃત વસાહત ફોરમના સહયોગથી શોપીંગ સેન્ટર ખાતે આયુર્વેદિક ઔષધિયુક્ત ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં વસાહતીઓએ લાભ લીધો હતો. આ ઉપયોગી સેવા માટે વસાહતીઓ તથા સેક્ટરના અગ્રણીઓએ કોવિડ ગાઈડલાઈનના પાલન સાથે યોજાયેલા ઉકાળા વિતરણ માટે સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શોપીંગ સેન્ટર ખાતે દરરોજ સવારે ૯ થી ૧૦ દરમ્યાન વિનામૂલ્યે ઉકાળા વિતરણ ચાલુ છે જેનો લાભ લેવા જાગૃત વસાહત ફોરમના કન્વીનર મહેન્દ્રભાઈ ચૌહાણે વસાહતીઓને અનુરોધ કર્યો છે.

અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે શહેરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લીના મોડાસા તાલુકામાં છત્રેશ્વરી ખાતે ૩૮ પરિવારોને ૩ કિલો ચોખા, મગદાળ, છાશ, ચાના પેકેટ, બિસ્કીટ તથા ૨ પ્રકારના સાબુ વગેરેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આકાશ સમાજ સેવા ટ્રસ્ટનું શ્રમજીવી પરિવારોને માસ્ક-લીંબુ વિતરણ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારીમાં શહેરમાં જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોના બાળકોને વિના મૂલ્યે માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ઉનાળાની આકરી ગરમીમાં શ્રમજીવી પરિવારોના બાળકોને રોગપ્રતિકારક શકિત જળવાઈ રહે તે હેતુથી પરિવારોને લીંબુનું પણ વિના મૂલ્યે વિતરણ કરવામા આવ્યું હતું. સંસ્થાના આ સેવા યજ્ઞમાં નીતિન સલાટ, અરવિંદ ખાંટ તથા સંસ્થાના સ્વયંસેવકો તથા હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હું બાબાને વેક્સિનેશન માટે નોંધાવી જ દઉં.... ચૌદ વર્ષનો થાય ત્યાં એનો નંબર તો આવી જાય....!!

સિવિલમાં મ્યુકરમાઈકોસિસના દર્દીઓ માટે વોર્ડ ઉભો કરાયો

ગાંધીનગર, તા.૧૪

પાટનગરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો. હાલના સમયે કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યાં મ્યુકરમોઈકોસિસ નામના રોગે માથું ઉંચક્યું છે. ગાંધીનગર સિવિલમાં પણ મ્યુકરમાઈકોસિસના દર્દીઓ માટે નવો વોર્ડ તૈયાર કરાયો છે. ઈ બ્લોકમાં તૈયાર કરાયેલા વોર્ડમાં ૭ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે સિવિલની ઓપીડીમાં પણ ૫ થી વધુ કેસ જોવા મળી રહ્યા છે. જયારે આ રોગ માટે એમ્ફોટેરીસીન ઈન્જેકશન અને જરુરી દવાઓ પણ વોર્ડમાં તૈનાત કરાઈ છે. પરંતુ આ રોગની સર્જરી સમયે ઈએનટી સર્જન સહિત અન્ય વિભાગના પણ નિષ્ણાંત તબિબોની ટીમ હાજર જોઈએ છે. જયારે ગાંધીનગર સિવિલમાં ન્યુરોસર્જન સહિત કેટલાક વિભાગના નિષ્ણાંત તબિબોના અભાવે મ્યુકરમાઈકોસિસના દર્દીઓને અમદાવાદ સારવાર માટે મોકલી આપવામાં આવે છે.

ધો-૧૨ માટે માસ પ્રમોશન નહીં આપવા વિચારણા

ગાંધીનગર, તા.૧૪

કોરોનાની બીજી લહેર સમગ્ર દેશમાં ચાલુ છે અને હજુ આગામી ત્રીજી લહેર આવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ છે અને આ ત્રીજી લહેર બાળકોને મેક્સિમમ સંક્રમિત કરશે એવો પણ ભય વ્યક્ત થયો છે. જોકે આ તમામ સંભાવના અને ભય વચ્ચે ગઈકાલે મળેલી કોર કમિટીની બેઠકમા રાજ્ય સરકાર દ્વારા કોરોના કાળમાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણય સાથે જ ધોરણ -૧૨મા ભણતા વિદ્યાર્થીઓ અને વાલીઓમા એક ચર્ચા શરુ થઈ હતી કે ધોરણ-૧૦ની જેમ હવે ધોરણ ૧૨ માટે પણ કદાચ માસ પ્રમોશનનો નિર્ણય સરકાર લઈ શકે છે પરંતુ, આ તમામ આકલન પર હવે પૂર્ણ વિરામ લાગશે. શિક્ષણ વિભાગના ટોચના વિશ્વસનીય અને આધારભૂત સૂત્રો સાથે વાતચીત અનુસાર ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો અને તેઓને માસ પ્રમોશન નહી આપવાનો નિર્ણય રાજ્ય સરકાર લઈ ચૂકી છે અને ટૂંક જ સમયમાં તેની વિધીવત જાહેરાત પણ કરાશે. જો કે આ કોરોના મહામારી માં આગામી સમયમાં સ્થિતિની સમીક્ષા બાદ આ પરીક્ષા ક્યારે લેવી અને કેવી રીતે લેવી તેનો નિર્ણય લેવામાં આવશે. ધોરણ ૧૦ પછીના અન્ય કોર્સીસમા એડમિશન મુદ્દે રાજ્ય સરકાર દ્વારા આજે એક વિશેષ કમિટીની રચના કરવામાં આવનાર છે. આ વિશેષ કમીટીમા અંદાજે આઠ શિક્ષણવિદોને સમાવવામાં આવશે. આ તમામ શિક્ષણ વિદો ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને આગળના ડીપ્લોમા- ડીગ્રી કોર્સીસમાં કયા પ્રકારે એડમિશન અપાશે તેની ચોક્કસ નિતી બનાવશે. અને એ બાદ વિદ્યાર્થીઓ ને ધોરણ ૧૦ બાદ ના કોર્ષમાં એડમિશન આપવાનું શરૂ કરવામાં આવશે.

શહેરના જરૂરિયાતમંદ દર્દીઓ માટે પારૂલ એસ. ફાઉન્ડેશનની નિઃશુલ્ક ઓકિસજન સેવા

સંસ્થા દ્વારા વીસેક દિવસથી વગર ડિપોઝિટે ઓકિસજન બોટલ પુરી પાડવામાં આવે છે જે હોસ્પિટલમાં બેડ મળી જાય એટલે પરત કરી દેવાની હોય છે

ગાંધીનગર, તા.૧૪

કોરોના સંક્રમણની બીજી લહેરમાં હવે થોડી રાહત અનુભવાઈ રહી છે પરંતુ માર્ચ-એપ્રિલ માસ દરમિયાન સર્જાયેલી કટોકટીની સ્થિતિમાં હોસ્પિટલમાં દર્દીને બેડ નહી મળવાથી માંડીને ઓકિસજનની કમીની સમસ્યાઓ સર્જાઈ હતી જે કદાચ અગાઉ કયારેય જોવા મળી નહોતી આ કપરાકાળમાં શહેરની અનેક સંસ્થાઓ તથા સ્વયંસેવકો દ્વારા દર્દીઓને ઓકિસજન સેવા વિના મૂલ્યે પુરી પાડવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જેમાં શહેરની પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા ૧૫ લીટરની પાંચ જમ્બો ઓકિસજન બોટલ દ્વારા જરૂરિયાતમંદોને નિઃશુલ્ક સેવા પુરી પાડવામાં આવી હતી.

પારૂલ એસ. ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડિયાના જણાવ્યા અનુસાર, ઢતેમની સંસ્થા દ્વારા પાંચ ઓકિસજન બોટલ જે ૧૫ લીટરની હતી તેના થકી છેલ્લા વીસેક દિવસથી જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે ઓકિસજન પુરો પાડવાની સેવા આપવામાં આવી રહી છે. હોસ્પિટલમાં સર્જોલી બેડની સમસ્યા દરમ્યાન જે દર્દીને બેડ મળ્યો ના હોય અને ઓકિસજન લેવલ ઘટી જાય તેને અમે વગર ડિપોઝિટે ઓકિસજન બોટલ પુરી પાડતા હતા જેથી તેને હોસ્પિટલમાં એડમિશન મળે ત્યાં સુધી ઓક્સજનથી વંચિત રહેવું ના પડે અને જયારે બેડ મળી જાય ત્યારે તેઓ અમને બોટલ પરત કરી દે. આ સેવાનો ઉદ્દેશ દર્દીને હોસ્પિટલમાં બેડ ના મળે ત્યાં સુધી ઓકિસજન પુરવઠાથી વંચિત ના રહેવું પડે તેવો છે.' સંસ્થાના મહામંત્રી નટવરસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, 'અમારી ઓકિસજન સેવાનો લાભ ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, ડીસા અને આણંદના જરૂરિયાતમંદ દર્દીઓ લઈ ચુકયા છે. જેમા આણંદના એક ૪૫ વર્ષીય મહિલા દર્દીને તો સતત ત્રણ દિવસ સુધી બેડ ના મળતા અમારી ઓકિસજન બોટલ પર જ સારવાર ચાલુ રાખી શકયા હતા. હજુ પણ ગાંધીનગરમાં જે કોઈ જરરિયાતમંદ દર્દીને આકસ્મિક ઓકિસનજનની જરૂર પડે તેને અમે વગર ડિપોઝિટે વિના મૂલ્યે ઓકિસજન આપી રહ્યા છીએ. જેને ઉપયોગ પુરો થયા પછી અમને પરત કરવાની રહેશે.' આ સેવા મેળવવા અમારો સંપર્ક મો. ૯૦૯૯૯૬૨૧૦૮ પર સંપર્ક સાધી શકાશે. આ સેવા માટે સંસ્થાના પ્રમુખ સંજય ડોડિયા, ઉપપ્રમુખ વિષ્ણુજી ઠાકોર તથા મહામંત્રી નવટરસિંહ ચૌહાણ જહેમત ઉઠાવી રહ્યા છે.

ખૂણેખાંચરેથી

- વેકિસનેશના અભિયાનને રિ શિડ્યુસ્ડ કરવાની કેન્દ્રની સૂચનાને પગલે આરોગ્યના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સીંગ કરી આ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે દસ કેન્દ્રો પર ૧૮+ ના ૯૮૦ થી વધુ યુવાનોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- આગામી ચોમાસાની પૂર્વતૈયારીના ભાગરૂપે દરેક ગામને તેમનો ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.
- ધારીસણામાં તલાટી તરીકે ફરજો બજાવતા જયશ્રીબેન ઠાકોરનું કોરોનાને કારણે દુઃખદ અવસાન થયુ છે.
- આજે મુસ્લિમ બિરાદરોએ ઈદનો તહેવાર ઘરમાં રહીને મનાવ્યો હતો.
- રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી આજે પાલનપુર ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક કોવિડને લઈ યોજનાર છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧,૯૩,૫૭૦ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ અને ૭૯,૪૩૬ વ્યક્તિને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.
- પરશુરામ જયંતિ નિમિત્તે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કરી ઉજવણી કરવામાં આવી હતી.

અખાત્રીજે પેથાપુરમાં ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા ધરાવાયા

ગાંધીનગર, તા.૧૪

આજે અક્ષય તૃતીયાનું પવિત્ર પર્વ હતું, ભારતીય દર્શન પરંપરામાં દરેક પર્વ ઉજવવાની નોખી રીતભાતો જોવા મળે છે જે મોટેભાગે સામાજિક સંસ્કૃતિના પ્રતિબિંબ સમાન હોય છે. અક્ષય તૃતીયાના આ પર્વે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાનને ગ્રીષ્મની ગરમીના પ્રકોપથી રક્ષિત કરવા ચંદનના વાઘા પહેરવવાની પ્રથા જોવા મળે છે જે અંતર્ગત આજે શહેરના પેથાપુર અને સેકટર-૨ ખાતેના શ્રી સ્વામિનારાયણ મંદિરે ભગવાનને ચંદનના વાઘા અર્પણ કરાયાં હતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમો અનુસાર ઉનાળાની અસહય ગરમીમાં શ્રી ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા ધરાવવાના હોય છે. વૈશાખ સુદ ત્રીજ એટલે કે અખાત્રીજના પવિત્ર દિવસથી આ પરંપરા ચાલુ થાય છે જે અંતર્ગત આજ રોજ નરનારાયણ ગાદી હેઠળના પેથાપુરના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પધારેલા ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણ દેવને ચંદનના વાઘા ધરાવવામા આવ્યા હતા. આ સાથે મંદિરમાં વિશેષ કલાત્મક શણગાર કરી ભગવાનને ચંદનના વાઘારૂપી લેપ કરી ભગવાનને શીતળતા આપવાનો ભાવ વ્યક્ત કરી ઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવવા વિશેષ દર્શનનું આયોજન પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ગુરુ સ્વામીની પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું. ઘનશ્યામ મહારાજ માટે ચંદનના વાઘા ધરાવવા ચંદનના લાકડા ઘસવાનું કામ પેથાપુર ગામના મંદિરમાં સેવા કરતા બાળકો તથા હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક કર્યુ હતું.

સે-૨ સ્વામિનારાયણ મંદિરે ઠાકોરજીને ચંદનની શીતળતા અર્પણ કરાઈ

ગાંધીનગર સેક્ટર-૨માં શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આજે અક્ષય તૃતીયાના પવિત્ર દિવસથી મંદિરમાં બિરાજમાન ઠાકોરજીને વૈદિક પરંપરા અનુસાર ચંદનના વાઘાનો દિવ્ય અદભુત શણગાર કરવામાં આવ્યો હતો. આ પરંપરા અનુસાર વૈશાખ માસમાં અસહ્ય ગરમીમાં ઠાકોરજીને શીતળતા પ્રદાન થાય એવા હેતુથી ચંદનના લેપ કરી અવનવા શણગાર કરવામાં આવે છે જે અનુસાર મંદિરના મહંત સ્વામી પી.પી.સ્વામીના માર્ગદર્શન હેઠળ ઠાકોરજીને ચંદનના વાઘા ચડાવાયા હતા.

પરશુરામ જયંતી નિમિત્તે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) ગાંધીનગર દ્વારા વૃક્ષોનું વાવેતર

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર વિશ્વ સહીત ભારત જયારે કોરોનની મહામારી સામે લડે છે અને ઓકિસજનની ઉણપ સર્જાઈ છે તે સંદર્ભે અખાત્રીજ અને ભગવાન વિષ્ણુ જીના છઠ્ઠા અવતાર અને બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ જયંતિ નિમિત્તે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા) દ્વારા પાટનગર ગાંધીનગરમાં સરગાસણ સહીત તમામ જગ્યાએ વૃક્ષ વાવીને અનોખી ઉજવણી કરવામાં આવી હતી. પાટનગરના વિવિધ વિસ્તારોમાં સંગઠનના હોદ્દેદારો તથા ભૂદેવો દ્વારા પરશુરામજીની જયંતી નિમિત્તે વૃક્ષ વાવવામાં આવ્યા હતા તેમજ હોદ્દેદારશ્રીઓ દ્વારા તેમનું જતન પણ કરવામાં આવશે. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદી, સલાહકાર કન્હૈયાલાલ પંડ્યા, જિલ્લા મહિલા પ્રમુખ અને વૉર્ડ ૮ ભાજપના ઉમેદવાર છાયાબેન ત્રિવેદી, અશ્વિનભાઈ રાવલ, ભારતીબેન રાવલ, કુ.કાવ્યાબેન ત્રિવેદી સહીતના અગ્રણીઓ દ્વારા સરગાસણ સહીત પાટનગરના તમામ વિસ્તારોમાં વૃક્ષ વાવીને પરશુરામ જયંતીની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત સાયન્સ સિટીમાં નેશનલ ટેકનોલોજી ડે ઉજવાયો

ગુજરાત સાયન્સ સિટીમાં નેશનલ ટેકનોલોજી ડેની વર્ચ્યુલ વેબિનાર દ્વારા ઉજવણી કરાઈ હતી. આ વેબિનારનું સંચાલન ગુજરાત યુનિવર્સિટીના અર્થ સાયન્સ વિભાગના અગમ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું જેમણે ટેકનોલોજી અને હેલ્થ કેર ઈનોવેશન વિષે વાત કરી અને કોરોના વિષે પણ વાત કરી હતી. વેબિનારમાં સાડા ત્રણ હજાર જેટલાં વિજ્ઞાન રસિકો અને વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. અગમ શાહે કાર્યક્રમના અંતમાં જણાવેલું કે કોરોના અને સામાન્ય રીતે થતી ઉધરસમાં ભેદ મુશ્કેલ છે, પરંતુ જો તમે કેટલીક વિશિષ્ટ બાબતો પર નજર નાખો, તો ઉધરસ અથવા અન્ય લક્ષણોથી કોરોના ઓળખી શકો છો. ઉધરસમાં આ પાંચ પ્રકારના લક્ષણો જોવા મળતા હોય છે. શુષ્ક ઉધરસ, સતત ઉધરસની ફરિયાદ, શ્વાસની તકલીફ, ગાળામાં દુઃખાવો, સુગંધ ગુમાવવી, કોરોના વાયરસના નાના લક્ષણોને પકડવું તે ખૂબ જ મહત્વપૂર્ણ બન્યું છે. વહેલા કોરોના લક્ષણોની ઓળખ કરીને, માત્ર તમે ગંભીર માંદગીથી જ નહીં, પરંતુ તમે એકબીજાના જીવનને પણ બચાવી શકો છો. લોકોએ બે માસ્ક અવશ્ય પહેરવા જોઈએ અને કોરોના વાયરસના આ નવા વેરિયંટ વિષે ફેલાતી અફવાઓથી બચવું જોઈએ.

જન્મદિને વધામણી

સુરેશ પારઘી
મો. ૯૪૨૬૫ ૦૭૧૦૮

ડો. પ્રિ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૭૩ ૯૯૯૩૨

કશ્યમ નિમાવત
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો.૮૪૦૧૦ ૮૮૬૮૭

વિરેન અનિરુદ્ધ
મો. ૭૦૧૬૩ ૬૯૦૪૩

કુ. શ્રીયા સાધન બિશ્વાસ

ઘરમાં રહો સુરક્ષિત રહો